# ગુજરાત જાહેર સેવા આયોગ

શાખાઃ-આર-૭

સરકારી પોલીટેકનીક ખાતે જુદા જુદા વિષયો ના વ્યાખ્યાતા, ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ ની નીચે દર્શાવેલ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે **Online** અરજીઓ તા:૨૪/૧૧/૨૦૧૫,૧૩.૦૦ કલાકથી તા:૦૯/૧૨/૨૦૧૫ ,૧૩.૦૦ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે. આ જાહેરાત ની અરજીનું ફોર્મ, ઉંમરમાં છૂટછાટ વિગરે આયોગ ના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગ ની વેબ સાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ-સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર વંચાણે લઈને જ ઉમેદવારે ON LINE અરજી કરવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | વિષયનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષા વાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | શિક્ષણ વિભાગના તા.૦૨/૦૬/૧૧ના ઠરાવ ક્રમાંક –**SCT-1211-393-GH** તેમજ તા. ૦૭/૦૨/૧૪ના ઠરાવ ક્રમાંક-**SCT-102013—616356-GH** મુજબ સંલગ્ન વિદ્યાશાખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ |
| | | | સામાન્ય | અનુ. જાતિ | અનુ.જન જાતિ | સા.શૈ.પ. વર્ગ | સામાન્ય | અનુ જાતિ | અનુ.જન જાતિ | સા.શૈ.પ. વર્ગ | |
| ૫૮ | ટેક્ષટાઇલ ડીઝાઇન | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૫૯ | પ્રિન્ટીંગ ટેકનોલોજી | ૦૫ | ૦૪ | -- | -- | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- |
| ૬૦ | આર્કીટેકચર આસીસ્ટન્ટશીપ | ૦૬ | ૦૬ | -- | -- | -- | ૦૨ | -- | -- | -- | -- |
| ૬૧ | ફેબ્રીકેશન ટેકનોલોજી | ૦૭ | ૦૫ | -- | ૦૧ | ૦૧ | ૦૧ | -- | -- | -- | પ્રોડકશનએન્જી. /મેન્યુફેચરીંગ એન્જીનીયરીંગ |

| જાહેરાત ક્રમાંક | વિષયનું નામ | કુલ જગ્યાઓ | સામાન્ય | અનુ. જાતિ | અનુ.જન જાતિ | સા.શૈ.પ. વર્ગ | સામાન્ય મહિલા | અનુ જાતિ મહિલા | અનુ.જન જાતિ મહિલા | સા.શૈ.પ. વર્ગ મહિલા | સંલગ્ન વિદ્યાશાખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૨ | બાયોમેડીકલ એન્જીનીયરીંગ | ૦૮ | ૦૫ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- |
| ૬૩ | માઇનીંગ એન્જીનીયરીંગ | ૦૯ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- |
| ૬૪ | ઇન્સ્ટ્રુમેન્ટેશન & કંટ્રોલ | ૧૨ | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૨ | -- | -- | ૦૧ | -- |
| ૬૫ | ઓટોમોબાઇલ એન્જીનીયરીંગ | ૧૩ | ૦૯ | -- | ૦૧ | ૦૩ | ૦૩ | -- | -- | ૦૧ | -- |
| ૬૬ | મેટલર્જી | ૧૫ | ૦૮ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૨ | -- | ૦૧ | ૦૧ | -- |
| ૬૭ | એપ્લાઇડ મીકેનીકસ | ૧૭ | ૦૯ | -- | ૦૩ | ૦૫ | ૦૩ | -- | ૦૧ | ૦૧ | સિવિલ |
| ૬૮ | કેમીકલ એન્જીનીયરીંગ | ૨૭ | ૧૪ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૪ | -- | ૦૧ | ૦૨ | -- |
| ૬૯ | ઇલેકટ્રોનીક્સ & કોમ્યુનીકેશન એન્જીનીયરીંગ | ૩૧ | ૨૪ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૮ | -- | ૦૧ | ૦૧ | -- |
| ૭૦ | કોમ્પ્યુટર એન્જીનીયરીંગ | ૩૭ | ૨૨ | ૦૩ | ૦૪ | ૦૮ | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૨ | **ઇન્ફોર્મેશન ટેકનોલોજી** |
| ૭૧ | સીવીલ એન્જીનીયરીંગ | ૪૩ | ૩૦ | ૦૧ | ૦૪ | ૦૮ | ૧૦ | -- | ૦૧ | ૦૨ | -- |
| ૭૨ | ઇન્ફોર્મેશન ટેકનોલોજી | ૫૩ | ૩૦ | ૦૩ | ૦૭ | ૧૩ | ૧૦ | ૦૧ | ૦૨ | ૦૪ | કોમ્પ્યુટરએન્જી. /ટેકનોલોજી અથવા કોમ્પ્યુટર સાયન્સ & ટેકનોલોજી |

| જાહેરાત ક્રમાંક | વિષયનું નામ | કુલ જગ્યાઓ | સામાન્ય | અનુ. જાતિ | અનુ.જન જાતિ | સા.શૈ.પ. વર્ગ | સામાન્ય મહિલા | અનુ જાતિ મહિલા | અનુ.જન જાતિ મહિલા | સા.શૈ.પ. વર્ગ મહિલા | સંલગ્ન વિદ્યાશાખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૩ | ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ | ૬૮ | ૩૯ | ૦૩ | ૦૮ | ૧૮ | ૧૩ | ૦૧ | ૦૨ | ૦૬ | -- |
| ૭૪ | મીકેનીકલ એન્જીનીયરીંગ | ૧૧૧ | ૭૨ | ૦૫ | ૦૯ | ૨૫ | ૨૪ | ૦૧ | ૦૩ | ૦૮ | -- |
| ૭૫ | રસાયણશાસ્ત્ર | ૦૬ | ૦૩ | -- | ૦૧ | ૦૨ | ૦૧ | -- | -- | -- | -- |
| ૭૬ | ભૌતિકશાસ્ત્ર | ૦૬ | ૦૩ | -- | ૦૧ | ૦૨ | ૦૧ | -- | -- | -- | -- |
| ૭૭ | અંગ્રેજી | ૧૧ | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૨ | -- | -- | -- | -- |
| ૭૮ | ગણિત શાસ્ત્ર | ૧૬ | ૦૯ | -- | ૦૨ | ૦૫ | ૦૩ | -- | -- | ૦૧ | -- |
| ખાસ ભરતી | | | | | | | | | | | |
| ૭૯ | ભૌતિકશાસ્ત્ર | ૦૧ | -- | -- | ૦૧ | -- | -- | -- | -- | -- | -- |
| ૮૦ | અંગ્રેજી | ૦૪ | -- | -- | ૦૨ | ૦૨ | -- | -- | -- | -- | -- |
| ૮૧ | રસાયણશાસ્ત્ર | ૦૫ | -- | -- | ૦૩ | ૦૨ | -- | -- | ૦૧ | -- | -- |
| ૮૨ | ગણિત શાસ્ત્ર | ૦૫ | -- | -- | ૦૨ | ૦૩ | -- | -- | -- | ૦૧ | -- |
| ૮૩ | આર્કીટેકચર આસીસ્ટન્ટશીપ | ૧૦ | -- | -- | ૦૩ | ૦૭ | -- | -- | ૦૧ | ૦૨ | -- |

<u>નોંધ:</u> **(૧) સરકારી પોલીટેકનીક ખાતેની ઉપર દર્શાવેલ ૫૨૭ જગ્યાઓ પૈકી ૦૫ જગ્યાઓ માજી સૈનિક માટે અનામત છે.**

(૨) સરકારી **પોલીટેકનીક ખાતેની** ઉપર દર્શાવેલ કુલ ૫૨૭ જગ્યાઓ પૈકી ૧૫ જગ્યા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે અનામત છે. નીચે દર્શાવ્યા પ્રમાણેની વિદ્યાશાખાની જાહેરાતમાં ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધી શારીરિક અશકતતા વાળા ઉમેદવારો અરજી કરી શકશે. આ સિવાયની અશક્તતા ધરાવતા ઉમેદવારો સંબંધિત જાહેરાત માટે અરજી કરવાને પાત્ર નથી.

| ક્રમ | વિષય | નીચે દર્શાવેલ શારીરિક અશકતતા વાળા ઉમેદવારો અરજી કરવાને પાત્ર છે. |
|---|---|---|
| ૦૧ | ઇન્સ્ટ્રુમેન્ટેશન & કંટ્રોલ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ઇલેકટ્રોનીક્સ & કોમ્યુનીકેશન, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ, ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ | OA, OL, BL, B (મોડરેટ)અને LV(મોડરેટ) તથા HH (મોડરેટ)પ્રકારની |
| ૦૨ | બાયોમેડીકલ, આર્કીટેકચર આસીસ્ટન્ટશીપ, ટેક્ષટાઇલ ડીઝાઇન, ફેબ્રીકેશન ટેકનોલોજી, મેટલર્જી, એપ્લાઇડ મીકેનીકસ, ઓટોમોબાઇલ, મીકેનીકલ, સીવીલ, કેમીકલ, માઇનીંગ, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ગણિત શાસ્ત્ર | OA, OL, HH (મોડરેટ)પ્રકારની |
| ૦૩ | પ્રીન્ટીંગ ટેકનોલોજી | OA, OL પ્રકારની |
| ૦૪ | અંગ્રેજી | BL, OA, OL, OAL, B અને LV પ્રકારની |

**Note: OA = One Arm affected, OL= One Leg affected, BL= Both Leg affected, B- Blind, LV= Low vision, HH= Hearing Impairment, OAL= One Arm and Leg affected**

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(૪) બિન અનામત કેટેગરીની જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ તથા સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ અને અનુ. જનજાતિ માટેની કૂલ અનામત જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ પર પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયા દરમિયાન પ્રાપ્ત કરેલ ગુણ અને આયોગે સંબંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણ ધ્યાને લઇ કરવામાં આવશે.

<u>જરૂરી લાયકાત.</u>:

**૧. જા.ક્ર. ૫૮ થી ૭૪ અને જા.ક્ર. ૮૩ માટે માન્ય યુનિવર્સિટિ ની એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીની સંબંધિત વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગની પદવી કે તેની સમકક્ષ લાયકાત અથવા સરકાર દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ. જો ઉમેદવાર માન્ય યુનિ. ની એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીની સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગની પદવી ધરાવતો ન હોય તો અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગની પદવી ધરાવતા હોવા જોઇએ.**

**૨. જા.ક્ર. ૭૫ થી ૭૮ અને ખાસ ભરતી જા.ક્ર. ૭૯ થી ૮૨ માટે માન્ય યુનિ.ની સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી અથવા સરકાર દ્વારા માન્ય સમકક્ષ લાયકાત જે પૈકી સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગની પદવી ધરાવતા હોવા જોઇએ.**

નોંધ :

૧. શિક્ષણ વિભાગના તા.૨૮/૧૦/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૩-૬૧૫૩૫૬-ઘ થી બી.ઇ./બી.ટેક ઇન્ફર્મેશન & કોમ્યુનીકેશન ટેકનોલોજીની પદવીને આઇ.ટી. તથા કોમ્પ્યુટર એનેજીનીયરીંગ/ ટેકનોલોજીની પદવીની સમકક્ષ ગણેલ છે.

૨. શિક્ષણ વિભાગના તા.૦૭/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૩-૬૧૫૩૫૬-ઘ થી કોમ્પ્યુટર સાયન્સ & એન્જીનીયરીંગ, બી.ઇ.ની પદવીને કોમ્પ્યુટર એન્જીનીયરીંગ બી.ઈ./બી.ટેક ની પદવી સમકક્ષ ગણેલ છે.

૩. શિક્ષણ વિભાગના તા.૦૯/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૩-૬૧૫૩૫૬-ઘ થી બી.ઇ../બી.ટેક બાયોમેડીકલ એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશનની પદવી બાયોમેડીકલ બી.ઈ./બી.ટેકની પદવી સમકક્ષ ગણેલ છે.

૪. શિક્ષણ વિભાગના તા.૦૪/૦૭/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૩-૬૧૫૩૫૬-ઘ થી બી.ઇ. મેટર્લીજીકલ એન્જીનીયરીંગની પદવીને બી.ઇ. મેટલર્જીકલ & મટીરીયલ્સ એન્જીનીયરીંગની પદવી સમક્ક્ષ ગણેલ છે.

૫. શિક્ષણ વિભાગના તા.૦૫/૦૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૩-૬૧૫૩૫૬-ઘ થી એમ.ઇ./એમ.ટેક ની નેટવર્કીંગ & કોમ્યુનીકેશન ની પદવી એમ.ઇ./એમ.ટેક ઇલેક્ટ્રોનીક્સ & કોમ્યુનીકેશનની પદવીને સમકક્ષ એ શરતે ગણેલ છે કે ઉમેદવાર બી.ઇ./બી.ટેક ઇલેક્ટ્રોનીક્સ & કોમ્યુનીકેશનમાં પદવી ધરાવતા હોવા જોઇએ.

૬. શિક્ષણ વિભાગના તા.૨૮/૧૦/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૩-૬૧૫૩૫૬-ઘ થ ઠરાવના કોલમ-૩ માં દર્શાવેલ વિદ્યાશાખાની સામે દર્શાવેલ એમ.ઇ./એમ.ટેક ની પદવીને સમકક્ષ એ શરતે ગણવામાં આવેલ છે કે ઉમેદવાર સંબંધિત વિદ્યાશાખામાં બી.ઇ./ બી.ટેકની પદવી ધરાવતા હોવા જોઇએ.

(૭) સંબંધિત વિદ્યાશાખાની લાયકાત ધરાવતા ઉમેદવારોમાંથી જગ્યાના સંદર્ભમાં આશરે ત્રણ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. જો આશરે ત્રણ ગણા ઉમેદવારો સંબંધિત વિદ્યાશાખામાં મળશે તો, સંલગ્ન વિદ્યાશાખાની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહિ. જો સંબંધિત વિદ્યાશાખાના આશરે ત્રણ ગણા ઉમેદવારો રૂબરૂ મુલાકાત માટે પાત્ર નહી થાય તો ખૂટતા ઉમેદવારો માટે સંલગ્ન વિદ્યાશાખાની લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજી વિચારણામાં લેવામાં આવશે

(૮) જો જગ્યાના સંદર્ભમાં રુબરુ મુલાકાતને પાત્ર ગણવાના થતા ઉમેદવારોની સંખ્યા માટે આયોગ દ્વારા ઠરાવેલ ધોરણો / આશરે ત્રણ ગણાથી વધારે ઉમેદવારો On-Line નોંધાયેલ હશે, તો ઉપરના ધોરણે સંખ્યા મર્યાદીત કરવા પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામ બાદ અરજી ચકાસણીના તબક્કામાં ગુણ ક્રમાનુસાર પ્રથમ સંબંધિત વિદ્યાશાખાના ઉમેદવારોને ધ્યાને લેવામાં આવશે અને જો સંબંધિત વિદ્યાશાખાના ઉમેદવારો નિયત ધોરણોની સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો જાહેરાતની જોગવાઇ સંતોષતા સંલગ્ન વિદ્યાશાખાના ઉમેદવારોને ગુણ ક્રમાનુસાર તદઅન રુબરુ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે.

(૯) <u>પ્રાથમીક કસોટીનો અભ્યાસક્રમ સ્નાતક કક્ષાએ શીખવવામાં આવતા સંબંધિત વિદ્યાશાખાના અભ્યાસક્રમ મુજબનો રહેશે.</u>

(૧૦) વિદેશની યુનિવર્સિટીની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેઓની પદવીની માન્યતા તથા સમકક્ષતા અંગે જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે.

(૧૧) જે યુનિ. દ્વારા ટકાવારી આપવામાં આવતી નથી તેવા ઉમેદવારોએ ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા / આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૧૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો ૧૯૬૭માં દર્શાવેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૧૩) ગુજરાતી અથવા હિન્દી ભાષા અથવા બંનેનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

પગાર : રૂ. ૧૫૬૦૦ – ૩૯૧૦૦ ( ગ્રેડ પે રૂ. ૫૪૦૦/-)

ઉંમર : પ્રસ્તુત જગ્યાઓના ભરતી નિયમો અનુસાર ઉપલી વયમર્યાદા ૩૫ વર્ષની છે. પરંતુ ગુજરાત સરકારના તા.૨૩/૧૦/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૩૬/૨૦૧૫/સીઆરઆર/૧૧-૨૦૦૮/૨૮૨૩૨૩/જી.૫ અનુસાર ઉપલી વયમર્યાદામાં ૦૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર હોઇ ૪૦ વર્ષ સુધીના ઉમેદવાર અરજી કરી શકશે. ઉપલી વયમર્યાદામાં છુટછાટ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં રહેશે. ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગ ( જે તે કેટેગરીની અનામત જગ્યા હોય ત્યાં) | ૦૫ વર્ષ |
| ૨ | બિન અનામત મહિલા ઉમેદવાર | ૦૫ વર્ષ |
| ૩ | મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.અનેશૈ.પ.વર્ગના મહિલા ઉમેદવાર( જે તે કેટેગરીની અનામત જગ્યા હોય ત્યાં) | ૧૦ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષ સુધી - આ છૂટછાટમાં, મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષ ની છે, તેનો પણ સમાવેશ થઇ જાય છે.) |

| | | |
|---|---|---|
| ૪ | જે તે વિષયમાં અરજી માટે યોગ્ય ગણેલ કેટેગેરીના શારીરિક રીતે અશક્ત ઉમેદવારો | શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને સા.વ.વિ. ના તા. ૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જન ના તબીબી પ્રમાણપત્ર ને આધીન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળવા પાત્ર રહેશે.(વધુમાં વધુ ૪૫ વર્ષ) આ સિવાય અન્ય શારીરિક અશક્તતા ધરાવતાં ઉમેદવારને છૂટછાટ મળવા પાત્ર નથી. |
| ૫ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત | લશ્કરમાં બજાવેલી સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ. (વધુમાં વધુ ૪૦ વર્ષની ઉમરની મર્યાદામાં.) |
| ૬. | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલકી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ ની જોગવાઇ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તથા તેઓએ ધારણ કરેલ તે જગ્યાની શૈક્ષણિક લાયકાત ઇજનેરીની સંબંધિત વિધાશાખાની ડીગ્રી/ડીપ્લોમાની નિયત થયેલ હોય તેવા કર્માચારીઓ (ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર , ભૌતિક્શાસ્ત્ર અને અંગ્રેજી વિષયોમાં ઉપલી વયમર્યાદામાં છુટછટ મળશે નહીં. | ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં. |

<u>અરજી ફી: </u>સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજય સીવાયના અનામત ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

( ડી.કે.સુથાર )
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# જાહેરાતની સામાન્ય જોગવાઈ

**૧.નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક)ભારતનો નાગરિક અથવા

(ખ)નેપાળ નો પ્રજાજન અથવા

(ગ)ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ)તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ ,અથવા

(ચ)મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન, (બાંગ્લાદેશ) બર્મા (મ્યાન માર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ), (ગ), (ઘ) અને (ચ)માં આવતા ઉમેદવારો ના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

<u>નોંધ:-</u> જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજી પત્રક આયોગ વિચારણા માં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

<u>૨. ભરેલા અરજી પત્રક:-</u> (૧) ઓનલાઇન જાહેરાત માટે અરજી કન્ફર્મ કરીને બિન અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં આયોગની ફી રૂ. ૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ જમા કરાવવાના રહેશે. જ્યારે અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં ફી જમા કરાવવાની રહેશે નહીં. કન્ફર્મ થયેલ **<u>અરજીપત્રકની નકલ તથા પ્રમાણપત્રો આયોગની કચેરી/પોસ્ટઓફિસમાં જમા કરાવવાના નથી. પરન્તુ અરજીપત્રકની નકલ પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે એસ.એમ.એસ./ટપાલથી કે ઈન્ટરનેટ ના માધ્યમ થી અરજીપત્રક જમા કરાવવાનો સંદેશો મળે ત્યારે જ જરૂરી પ્રમાણપત્રો સાથે અરજીપત્રક આયોગની કચેરીમાં મોકલવાનું રહેશે.</u>**

(૨) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૪) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણા માં લેવામાં આવશે નહી.

(૫) એક જાહેરાત માટે એક જ અરજી કરી શકાશે. એક જાહેરાત માટે એક થી વધુ અરજી કરેલ હશે તો ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૬) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યા ઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૭) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૮) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારો ની

પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૯) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યા ઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારો ની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યા ઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણા માં લેવાનાં થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારો ને ધ્યાનમાં લેવામાં આવશે..(દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

<u>૩. જન્મ તારીખ:-</u>

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારી એ આપેલ વય અને અધિવાસ ના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવા ની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારી એ સ્પષ્ટ પણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષા ના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવા ને પૂરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસ નું પ્રમાણપત્ર તેની વિશ્વાસ હર્તા(**credibility**)ના આધારે સ્વીકાર કે અસ્વીકાર નો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ માં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

<u>૪. વય મર્યાદા:</u>

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વય મર્યાદા દર્શાવવામાં આવેલ છે, તેમાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

<u>૫ શૈક્ષણિક લાયકાત:-</u>

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થા માંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શાળા/કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવા માં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાત ની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૬. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો ને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજી પત્રના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવા માં આવશે નહીં અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો ને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ટ-(ક) (ગુજરાતીમાં)ના નમુનામાં જ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(ક) આ પ્રમાણપત્ર નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩,૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ની આવકના આધારે મેળવેલ હશે. અને આવકના માપદંડ બદલાયેલ ન હોય તો તે માન્ય ગણાશે. વધુમાં અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૦૯/૧૨/૨૦૧૫ સુધીમાં આ પ્રમાણપત્ર મેળવેલ હશે તો તે પણ માન્ય ગણાશે. (ખ) ઉન્નતવર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર માતા-પિતાની આવકના સંદર્ભમાં આપવામાં આવતું હોવાથી આ પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરતી વખતે ઉમેદવારની માતાપિતાની આવકમાં ફેરફાર થયો હોય તો ઉમેદવારે/અરજદારે સ્વંય આવા વધારા-ઘટાડાની પ્રમાણિક જાહેરાત પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી સમક્ષ કરવાની રહેશે. આ રીતે સક્ષમ અધિકારીને જાણ કર્યા બાદ, સક્ષમ અધિકારીએ જે નિર્ણય લીધેલ હોય તેની જાણ આયોગની કચેરીને પણ કરવાની રહેશે. જે ઉમેદવાર/અરજદાર આવી સ્વૈચ્છિક જાહેરાત ન કરીને આવકમાં વધારો છૂપાવશે તો તેને મળેલો લાભ રદ્દ કરવાપાત્ર ઠરશે અને આયોગ દ્વારા કરવામાં આવતી કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે." (ગ) પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.(ઘ) અરજી સાથે પરિશિષ્ટ (ક)ના બદલે એનેક્ષર-A (અંગ્રેજીમાં)રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમકે Annexure-A ભારત સરકાર હેઠળ ની નોકરી માટેનું છે. (ચ) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ (ક)) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિન અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારો ની સાથે નિયત ધોરણો (અર્થાત વય મર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તા ના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે

ગણતરી માં લેવાનાં થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૭ માજી સૈનિક:-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજી પત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવા ની રહેશે.

૮. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો:-

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રકમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધું હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવા પાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧)અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ(૨) શ્રવણ ની ખામી (૩) હલનચલનની અશક્તતા અથવા મગજ નો લકવો તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે અરજીમાં દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યા ની ફરજો ને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો ને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨, થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/ મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવા પાત્ર થશે નહીં.

(ચ) જાહેરાત ક્રમાંક ૧ થી ૨૪ માં ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની દ્રષ્ટિહીનતાની અશકતતા ધરાવતાં અથવા લખવા માટે અસમર્થ હોય તેવા ( જાહેરાતમાં આવા ઉમેદવારો અરજી કરવાને પાત્ર ગણેલ હોય તો જ) ઉમેદવારોએ On-line અરજીપત્રકમાં લહીયાની સુવીધા મેળવવા માટે જણાવવાનું રહેશે. પાછળથી આવે સુવિધા મેળવવાની વિનંતી વિચારણામાં લેવામાં આવશે નહિ. આવા ઉમેદવાર પ્રસ્તુત જા.ક્ર. ૫૮ થી ૮૩ માં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વ્યકિતને લહિયા તરીકે રાખી શકશે.

૯. મહિલા ઉમેદવાર:-

મહિલાઓની અનામત જગ્યા ઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારો ને ફાળવી શકાશે.

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા કે વિધવા પૈકી ના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવા પાત્ર હશે તે મળશે.**

૧૦. વિધવા ઉમેદવાર:-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે વિધવા ન હોય,પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે વિધવા બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

૧૧. ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તક ના કોર્પોરેશન /કંપનીઓ માં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાત ના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યા ની તારીખ થી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવા ની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની રવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરી માં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવા ની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૧૨. ગેરલાયક ઉમેદવાર:-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયક નો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૩.. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજી પત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

૧૪.. અગત્યની જોગવાઇઓ:-

(૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારો ની પસંદગી રૂબરૂ મુલાકાત યોજી ને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જ્યાં પ્રાથમિક કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારો ને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે નહી.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ, એક જગ્યા હોય તો ૦૬ ઉમેદવારો, બે જગ્યા હોય તો ૦૮ ઉમેદવારો , ત્રણ જગ્યાઓ હોય તો ૧૦ ઉમેદવારો અને ચાર કે તેથી વધુ જગ્યાઓ હોય તો તે સંખ્યાના ૦૩ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.

(૩) પ્રાથમિક કસોટીમાં કુલ ગુણના ૧૦% થી ઓછા ગુણ મેળવશે તો તેમને રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં આવશે નહી.

(૪) જાહેરાતમાં ઠરાવેલ લઘુતમ લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને/અથવા વધુ અનુભવ અને/ અથવા લાયકાત માં ઊંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારો ની સંખ્યા મર્યાદિત કરી શકશે.

૧૫. રૂબરૂ મુલાકાતઃ-

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ ના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓનામાતા-પિતા ની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણ ના સ્થળે થી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવા નુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) સીધી ભરતી માટે રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી પસંદગી માટેનું લઘુત્તમ ધોરણ વર્ગ-૧ અને વર્ગ-૨ એમ બંને જગ્યાઓ માટે બિન અનામત વર્ગના ઉમેદવારો માટે ૫૦ ગુણ અને અનામત વર્ગના ઉમેદવારો માટે ૩૫ ગુણ રાખવામાં આવેલ છે. ઈન્ટરવ્યુ કમિટી દ્વારા રૂબરૂ મુલાકાતમાં ઉમેદવારના એકંદર દેખાવ(Overall Performance) ને ધ્યાનમાં લેવામાં આવશે અને ઈન્ટરવ્યુ કમિટી ઈન્ટરવ્યુ દરમ્યાન ઉમેદવારના એકંદર દેખાવ(Overall Performance) ને ધ્યાનમાં રાખી ચર્ચા વિચારણા કર્યા બાદ સર્વાનુમતે ગુણ આપશે

(૫) માજી સૈનિકો તથા શારીરિક અશક્ત ઉમેદવારોની જગ્યાઓ અનામત હોય ત્યારે સંબંધિત કેટેગરીના, માજી સૈનિકો અને શારીરિક અશક્ત ઉમેદવારો પૈકી જે ઉમેદવારો આ પ્રમાણેના લઘુત્તમ ગુણ મેળવતા હશે તેમને સંબંધિત કેટેગરીની અનામત જગ્યાઓ સામે ગણવામાં આવશે. જો જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેની આ કેટેગરીઓ માટે રાખવામાં આવેલ અનામત જગ્યાઓ માટે લઘુત્તમ ગુણ મેળવતા ઉમેદવારો પ્રાપ્ત ન થાય કે પૂરતી સંખ્યામાં પ્રાપ્ત ન થાયતો સંબંધિત કેટેગરીના લઘુત્તમ ગુણના ૧૦ % ધોરણ હળવું કરીને પસંદગી કરવામાં આવશે.

(૬) મહિલા ઉમેદવારો માટે લઘુત્તમ ગુણના ૧૦% નું ધોરણ હળવું કરીને પસંદગી પધ્ધતિ અનુસરવામાં આવશે અને રૂબરૂ મુલાકાત બાદ જે તે કેટેગરીના મહિલા ઉમેદવારો માટેની અનામત સંખ્યા જેટલા મહિલા ઉમેદવારોથી વધુ ઉમેદવારો ઉપલબ્ધ થાયતો ભલામણ યાદીમાં મહિલા ઉમેદવારોનો સમાવેશ થયા બાદ બાકીના મહિલા ઉમેદવારોની પ્રતીક્ષાયાદી માં પસંદગી ગણવામાં આવશે. આ જોગવાઈ મુજબ લઘુતમ લાયકી ધોરણ નીચે મુજબ રહેશે.

| વર્ગ (category) | વર્ગ ૧/૨ પૂરૂષ | વર્ગ ૧/૨ મહિલા |
|---|---|---|
| બિન અનામત | ૫૦ ગુણ | ૪૫ ગુણ |

| | | |
|---|---|---|
| સા. શૈ. પછાત વર્ગ | ૩૫ ગુણ | ૩૧ ગુણ |
| અનુ. જાતિ/ અનુ. જન જાતિ | ૩૫ ગુણ | ૩૧ ગુણ |

૧૬ . નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે, જે સંપૂર્ણ નથી.)

(૧) અરજીમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય.

(૨) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૩) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૪) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૫) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુક ની નકલ રજુ કરેલ ન હોય.

(૬) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત ના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

૧૭. નિમણૂક:-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકાર શ્રી ના શિક્ષણ વિભાગ ને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર વગેરે ના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલૂમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદ ની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળ ની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

૧૮.ગેર વર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂદ્ધ પગલાં:-

ઉમેદવારો ને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજી પત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલ માં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, જો એકજ બાબત ના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલ માં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતા ઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટ થી કામ પૂર્ણ કરાવ્યુ હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિત ની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીત ની ગેરવર્તણૂક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક , ગાઈડ, કાપલી જેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારો ને નકલ કરાવવા ની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે, તેમ જ વીજાણુંયંત્રોનો ઉપયોગ કરેલ હોય,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષા ની કામગીરી અંગે નિયુક્ત થયેલા કર્મચારીઓ ને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઈજા પહોચાડવી, અથવા

(૧૧) ઉપરોક્ત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહી ને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગી ના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજ્ય સરકાર હેઠળ ની કોઇપણ નોકરી માંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂદ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગ ના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોક્ત વિગતો માં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને/કર્મચારી ને

(૧) આરોપ નામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસ ના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવ નામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

-----------------------------------------*****---------------------------------------------

<u>Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-</u>

આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. <u>ઉમેદવાર તા.૨૪/૧૧/૨૦૧૫, ૧૩.૦૦ કલાકથી તા.૦૯/૧૨/૨૦૧૫, ૧૩.૦૦ કલાક સુધીમાં http://ojas.guj.nic.inપર અરજી પત્રક ભરી શકશે.</u> ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવું.

(૨) Apply On line Click કરવું.

(૩) સરકારી સરકારી પોલીટેકનીક ખાતે વ્યાખ્યાતા, ,શિક્ષણ સેવા વર્ગ-૨ ઉપર click કરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ “Personal Details” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી.

(૯) તેની નીચે "Self declaration" માં Yes / No પર click કરવું.

(૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે, આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg Formatમાં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button "ની બાજુમાં "Upload Button"પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે show Application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં.

(૧૪) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીનેconfirmation Number ટાઈપ કરવો અને print પર click કરી અરજી પત્રકની નકલ પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ સાથે નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં આયોગની ફી રૂ. ૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તારીખ- ૦૯/૧૨/૨૦૧૫ સુધીમાં ભરવાની રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા અરજીપત્રક (ડાઉનલોડ કરેલું) ની નકલ અને જરૂરી બધા જ પ્રમાણપત્રોની

(જાહેરાતમાં દર્શાવેલ) સ્વયં પ્રમાણિત નકલ આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે આયોગની કચેરીએ મોકલવાના રહેશે.

(૧૫) અનામત વર્ગના ઉમેદવારો (ફી માંથી મુકિત અપાયેલ ઉમેદવારો ) **Print Application** ઉપર કલીક કરીને **confirmation Number** ટાઈપ કરવો અને **print** પર **click** કરી અરજી પત્રકની નકલ કાઢવાની રહેશે. આ અરજીપત્રક (ડાઉનલોડ કરેલું) ની નકલ અને જરૂરી બધા જ પ્રમાણપત્રોની (જાહેરાતમાં દર્શાવેલ) સ્વયં પ્રમાણિત નકલ આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે આયોગની કચેરીએ મોકલવાના રહેશે.

(૧૬) જો અરજીમાં આપે મોબાઇલ નંબર આપેલ હશે તો અરજી **confirm** થયેથી તુરત જ આપને અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર **SMS** મળશે. આપના મોબાઇલ નંબર ઉપર આયોગ દ્વારા આ જાહેરાત સંદર્ભે **SMS** થી જાણ કરવામાં આવશે.

(૧૭) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાંયે સંજોગોવસાત જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની નિયત ફી ભરેલ હશે તો, તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે.અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય તો, આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલ અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એક થી વધુ અરજી ફી ભરેલ હશે તો રિફંડ કરવામાં આવશે નહીં.

<u>(૧૮) અરજી ફી :</u>

ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં પ્રાથમિક કસોટી/રૂબરૂ મુલાકાત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.. આ ફી ફક્ત પોસ્ટ ઓફિસ દ્વારા જ સ્વીકારવામાં આવશે, <u>રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.</u>

(૧૯) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૨૦) ગુજરાત રાજ્ય બહારના ઉમેદવારો જાહેરાતમાં દર્શાવેલ સમય-મર્યાદામાં ભારતીય પોસ્ટલ ઓર્ડર દ્વારા ફી ભરી શકશે.

<u>નોંધ :</u> વ્યાખ્યાતા ,ગુજરાત, શિક્ષણ સેવા વર્ગ-રની જગ્યાના ભરતી નિયમો, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની નકલ, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસબોર્ડ અને આયોગની વેબસાઇટ **www..gpsc.guarat.gov.in** ઉપર જોવા મળશે.વેબસાઇટની વિગતો જોયા વિના ઉમેદવાર અરજી કરશે અને અરજીમાં કોઈ માહિતી / વિગતો આપવામાં આવશે નહિ કે અધૂરી કે ખોટી આપવામાં આવશે કે જાહેરાતની સૂચનાઓ મુજબ આપવામાં આવશે નહિ તો તેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે અનેઆ અંગે પાછળથી કોઈ ફરિયાદ કે રજૂઆત આયોગ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(૨) આયોગ સાથેના પત્રવ્યવહારમાં ઉમેદવારે તેઓના ફોરવર્ડીંગ પત્રમાં જગ્યાનું નામ, જાહેરાત ક્રમાંક/વર્ષ, તેઓની જન્મતારીખ અને બેઠક ક્રમાંક /રૂબરૂ મુલાકાતનો ક્રમાંક આપેલ હોય તો તેની વિગતો અચૂક દર્શાવવી.

( કે.ડી.સુથાર )
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

(